# મુર્ખાઓનું રાજ્ય

બહુ બુદ્ધિશાળી એવો એક રાજા હતો. થોડી ઓછી બુદ્ધિવાળા માણસો પ્રત્યે તેને અણગમો હતો. પોતાના રાજ્યમાં કોઈ મૂર્ખ નથી એ બાબતનો તેને ઘમંડ હતો.

રાજધાનીથી થોડેક જ દૂર એક વૃદ્ધ શિક્ષક રહેતા હતા. તેમણે ઉમદા સ્વભાવવાળા રાજકુમારને જ્યારે તે યુવાન હતો ત્યારે ભણાવ્યું હતું, પણ હવે તે ક્રૂર અને અભિમાની રાજા થઈ ગયો હતો. ઘણા બધા માણસોએ આ ગુરુને રાજાના અહંકારી સ્વભાવ વિશે કહ્યું. તેથી આ શિક્ષકે પોતાના આ જૂના વિદ્યાર્થીને તે કદી ભૂલે નહીં તેવો પાઠ ભણાવવાનું નક્કી કર્યું. તેમણે હરીશ, મહેશ અને ઉમેશને બોલાવ્યા. આ ત્રણ તેમના ઉત્તમ અને તેજસ્વી વિદ્યાર્થીઓ હતા. તેઓ આવ્યા એટલે ગુરુએ કહ્યું : 'આપણે રાજાના અભિમાનને થોડુંક ઠેકાણે લાવવાનું છે. તમે ત્રણેય એને એવો પાઠ ભણાવો કે તેને પોતાના મૂર્ખ ઘમંડનો ખ્યાલ આવે.'

ત્રણેય જણ રાજધાની તરફ ચાલી નીકળ્યા. હરીશ શહેરના મુખ્ય બજારમાં ગયો.

ત્યાં તે ખાવાનું પાન વેચતા વહેપારીને મળ્યો.

'આ પાનની શું કિંમત છે ?' તેણે પૂછ્યું.

'દસ રૂપિયાના બસ્સો પાન.' દુકાનદારે જવાબ આપ્યો.

'લો, આ દસ રૂપિયાને હાલ મને માત્ર પચીસ પાન આપો. બાકીના એકસો પંચોતેર પાન મારો માણસ આવીને લઈ જશે.'

પાનવાળો સંમત થયો ને તેણે પચીસ પાન હરીશને આપ્યા.

પછી હરીશ બીજી દુકાને ગયો. ત્યાં સુંદર શાલો વેચાતી હતી. દુકાનમાંથી એક તરફ આંગળી ચીંધીને તેણે પૂછ્યું : 'આ કેટલાની છે ?'

દુકાનદારે કહ્યું : 'બસો રૂપિયાની.'

'મારી પાસે અત્યારે તો પચ્ચીસ રૂપિયા છે. બાકીના એકસો પંચોતેર રૂપિયા તમે પેલા પાનવાળા પાસેથી લઈ લેજો.' ને પછી હરીશે દુકાનવાળાને એક ચિઠ્ઠી લખી આપી. જેમાં લખ્યું :

'મહેરબાની કરીને આ ચિઠ્ઠી લાવનારને મારા બાકીના એકસો પંચોતેર આપી દેશો.' શાલ વેચનાર દુકાનદારે ચિઠ્ઠી વાંચી. એટલું જ નહીં, તેણે પોતાના નોકરને પેલા પાનવાળા પાસે ચિઠ્ઠી લઈને મોકલ્યો કે જેથી આ વાત સાચી છે તેની ખાતરી થાય. પાનવાળાએ ચિઠ્ઠી વાંચીને કહ્યું : 'હા, આ સાચું છે. મારે એમને એકસો પંચોતેર આપવાના છે. તમે અડધાએક કલાકમાં આવો ત્યાં સુધીમાં હું ગણીને તૈયાર રાખું.'

પેલા નોકરે પાછા આવીને પોતાના માલિકને કાનમાં કહ્યું : પાનવાળો બાકીના એકસો પંચોતેર આપશે. દુકાનવાળાએ હા કહીને હરીશ શાલ લઈને ગયો.

અડધો કલાક પછી નોકર પૈસા લેવા પાનવાળા પાસે ગયો ત્યારે પાનવાળો પાન ગણવામાં તલ્લીન હતો. તે બોલ્યો : 'આ એકસો તોંતેર, એકસો ચુંમોતેર ને આ એકસો પંચોતેર. લો ત્યારે આ તમારા બાકીના પાન.'

પૈસાને બદલે પાનનો થોકડો આપતાં જોઈને નોકર મૂંઝાયો. તેને નવાઈ પણ લાગી. એણે એના માલિકને બોલાવ્યો. પછી તો બેઉ દુકાનદારો મોટે–મોટેથી બોલવા લાગ્યા. ઝઘડવા જ લાગ્યા. થોડી વારે બંનેને ખ્યાલ આવ્યો કે કોઈ તેમને ઊંઠા ભણાવી ગયું છે, મૂર્ખ બનાવી ગયું છે. બેઉ જણા રાજાને ફરિયાદ કરવા દોડયા.

રાજાને નવાઈ લાગી કે પોતાના રાજ્યના બે હોશિયાર દુકાનદારોને કોઈ અજાણ્યા માણસે કેવી રીતે સિફતથી મૂર્ખ બનાવ્યા ! કેવા છેતર્યા ! આ માણસનું ધ્યાન રાખવાનું ને તેને પકડવાનું તેણે નક્કી કર્યું.

બીજે દિવસે મહેશ શાહી સુથારની દુકાને ગયો. બપોરનો સમય હતો. સુથાર વિશિષ્ટ પ્રકારનાં સાધનોને સરખાં કરવામાં મશગૂલ હતો. મહેશ તો સરસ કપડાં પહેરીને ગયેલો તેથી સુથારને લાગ્યું કે ગ્રાહક ધનવાન છે તેથી બહુ ઉત્સાહપૂર્વક તેણે પોતાની જાતભાતની કલાકૃતિઓ બતાવવા માંડી. એણે એક લાંબું મોટું લાકડાનું તાળું લીધું ને કહ્યું : 'આ જોયું ? તમે નહીં માનો પણ આનાથી માણસને પણ તાળું મારી શકાય છે ! માણસને પણ પકડી શકાય છે ! જુઓ સમજાવું. કોઈ થાંભલો હોય ને કોઈ માણસનું માથું હોય, એટલે કે માણસ હોય, તો આ તાળા અને થાંભલા વચ્ચે તમે એ માથું મૂકી દો અને પછી આ ચાવી ફેરવો તો માણસ એવો બંધાઈ જશે કે તે જરાય હાલી પણ ન શકે.'

મહેશે જાણે બહુ રસ પડયો હોય એમ દેખાવ કરીને પૂછ્યુ : ‘ના હોય ! સાચી વાત ! મને દેખાડો. એક સાવ સાદું લાકડાનું તાળું આવું અઘરું કામ કેમ કરી શકે ? મને કંઈ વિશ્વાસ બેસતો નથી.’ સુથારને બહુ લાગી આવ્યું, ‘શું કહું સાહેબ ! આ સાચું છે. હું છેવટે તો શાહી સુથાર છું. જુઓ, હું તમને પ્રત્યક્ષ કરી બતાવું.’ આમ કહી તેણે એ લાકડાનું તાળું પોતાના ગળા પર મૂક્યું, નજીકના થાંભલા પાસે જઈ તેણે થાંભલા અને તાળાની વચ્ચે પોતાનું માથું મૂક્યું અને ચાવી ફેરવી. ‘જોયું તમે? હું મારી ડોક પણ હલાવી શકતો નથી. હવે તો તમે સાચું માનશોને ? બસ, લો આ ચાવી અને તેને અવળી દિશામાં ફેરવો એટલે હું છુટ્ટો થાઉં.’

મહેશે ચાવી પકડી પણ તેણે અવળી ફેરવી નહીં. એ તો હસતાં–હસતાં ઊભો જ રહ્યો. પછી તેણે શાંતિથી ચાવી બહાર કાઢી ને લઈને ચાલતો થયો. સુથાર બૂમો પાડતો જ રહ્યો : ‘અરે લુચ્ચા ! એય બદમાશ ! પાછો વળ ને મને છુટ્ટો કર !’ પણ બેકાર ! મહેશ પાછો ન જ વળ્યો. મહેશે તેને મૂર્ખ બનાવ્યો.

છેક.... સાંજે રાજાને ખબર પડી કે બીજી કોઈ અજાણી વ્યક્તિએ પોતાના ચતુર સુથારને મૂર્ખ બનાવ્યો છે ત્યારે તેને ખૂબ ચિંતા થઈ. આ કોણ છે જે તેના રાજ્યના ચતુર માણસોને આમ છેતરી જાય છે ? છૂપાવેશે રાજ્યમાં ફરીને તે લોકોને પકડવાનું તેમણે નક્કી કર્યું.

વેશપલટો કરીને તે નગરમાં ફર્યા. પછી જ્યાં તે નગરના દરવાજા પાસે પહોંચ્યોં ત્યારે જોયું કે એક માણસ ત્યાં કેરીનો ઢગલો કરીને બેઠો છે. એ કોઈ ઘરાકની રાહ જોઈ રહ્યો છે. ફળ વેચનારે આવી એકાંતવાળી, નિર્જન જગ્યા પસંદ કરી તેથી રાજાને શંકા પડી કે આ કોણ છે ?

તેમણે પૂછ્યું : ‘તારા ફળ  તું આવી જગ્યાએ બેસીને કેમ વેચે છે ?’



ખરેખર એ ફળ વેચનાર કોણ હતું તે જાણો છો ? એ સાચે જ ઉમેશ હતો. કોઈ છે તો નહીં ને એની ખાતરી કરતો હોય તેમ તેણે ચારેય બાજુએ જોયું ને પછી ધીમેથી તેણે કહ્યું : 'શ્રીમાન ! મેં સાંભળ્યું છે કે આપણા ચતુર માણસોને છેતરનારાઓ આપણા રાજ્યમાં ફરે છે. તેઓ આપણને અને આપણા ચતુર રાજાને પણ છેતરવા માગે છે. વળી મેં એવું પણ સાંભળ્યું છે કે એમાંનો એક માણસ આજે અત્યારે આ રસ્તેથી પસાર થવાનો છે. જેવો એ અહીંથી પસાર થાય કે હું એને પકડી લઈને રાજા સમક્ષ રજૂ કરવા માગું છું.'

રાજાને નવાઈ લાગી કે છેતરપિંડી કરનારી એ ચતુર ટોળકી વિશે આ માણસને કેવી રીતે ખબર પડી ?

'શું આ પહેલાં તેં એને ક્યારેય જોયો છે ?'

'હા સર ! એ ટોળકી વિશે મને ખબર છે. આજે અહીંથી જે નીકળવાનો છે તે આ ટોળીનો સરદાર છે.'

'એ કેવો દેખાય છે ?' રાજાએ પૂછ્યું.

'એ લાંબો, પહોળો, કદાવર ને બહુ ક્રૂર માણસ છે.'

રાજાને પણ તેને જોવાની તીવ્ર ઇચ્છા થઈ. તેમણે પૂછ્યું : 'શું હું તે માણસને જોઈ શકું ?'

'જુઓ, તમે ક્યાંક સંતાઈને એને જરૂર જોઈ શકો. એ જેવો આવશે કે હું સિસોટી વગાડીશ ને તમે જોઈ લેજો.'

પણ આ એવી જગ્યા હતી કે જ્યાં ન તો કોઈ ઝાડ હતું કે નહોતો કોઈ મોટો પથ્થર જેની પાછળ રાજા સંતાઈ શકે ? પછી ફળવાળાએ એક રસ્તો કાઢ્યો. તેની પાસે એક મોટી પેટી હતી. તે તેણે ખોલી અને કહ્યું : 'ભાઈસાહેબ, તમે એમ કરો આમાં સંતાઈ જાવ. હું આ પેટી મારી બાજુમાં જ રાખીશ. કોઈને કશો વહેમ પણ નહીં આવે. જોનારને એમ જ લાગશે કે આમાં વધારાની કેરીઓ જ છે.'

રાજા સંમત થઈ ગયો ને તે પેટીમાં છુપાઈ ગયો. જેવો રાજા પેટીમાં બરોબર પુરાઈ ગયો કે ઉમેશે પેટી બરોબર બંધ કરી અને હસતો–હસતો ત્યાંથી દૂર જતો રહ્યો. રાજાને તરત જ ખ્યાલ આવી ગયો કે કોઈ બહુ સિફતથી પોતાને પેટીમાં પૂરી ગયું છે. એણે પેટીમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ ! તે કંઈ જ ન કરી શક્યો ! ઘણા કલાકો બાદ એના સૈનિકો એને શોધતાં–શોધતાં ત્યાં આવ્યાં. એણે જાતભાતના અવાજો કરીને તેમનું ધ્યાન પેટી તરફ દોરવા પ્રયત્ન કર્યો ને અંતે તે એમાં સફળ થયો. જ્યારે સૈનિકોએ તેને પેટીમાંથી બહાર કાઢ્યો ત્યારે તેને ખૂબ જ શરમ આવી ! હવે તેને સમજાયું કે પોતે અને પોતાના નગરના લોકો પોતે જે બડાઈ હાંકતો હતો તેવા ચતુર કે હોશિયાર નથી. શેરને માથે સવાશેર પણ છે ! તેને પોતાની ભૂલ સમજાઈ.

બીજે દિવસે રાજાના વૃદ્ધ ગુરુ રાજદરબારમાં આવ્યા. અને પોતાના ત્રણ વિદ્યાર્થીઓએ કેવી યુક્તિઓ વાપરી બધાને મૂર્ખ બનાવ્યા તે જણાવ્યું. હરીશ, મહેશ અને ઉમેશે પોતાનાં આ કામો બદલ રાજાની માફી માગી. રાજાએ સૌને ખાતરી આપી કે પોતે હવે માનવતાપૂર્ણ રીતે અને ડહાપણપૂર્વક રાજ્ય ચલાવશે.

**– 'મજાનો વાર્તાખજાનો' માંથી સાભાર**

■